સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ધ્વારા તા.૨૨–૦૩–૨૦૧૯નાં રોજ સરદારકૃષિનગર ખાતે "વિશ્વ જળ દિવસ"ની ઉજવણી નિમિત્તે એકદિવસીય પરીસંવાદનું માન.કુલપતિશ્રી પ્રો (ર્ડા.)અશોક એ.પટેલનાં અધ્યક્ષ સ્થાનેઆયોજન કરવામાં આવેલ. અધ્યક્ષ સ્થાનેથી કુલપતિશ્રી ધ્વારા "જળ એજ જીવન" તેમજ જળનાં સંરક્ષણ, વ્યવસ્થાપન અને કરકસરભર્યા ઉપયોગ તેમજ યુનિવર્સિટી ધ્વારા આ વિષયને અનુરૂપ થયેલા સંશોધન અને સમાજને ઉપયોગી થયેલા કાર્યોની ઝાંખી પ્રગટ કરેલ. કાર્યક્રમમાં "સુકી ખેતીમાં વરસાદનાં પાણીનું વ્યવસ્થાપન" અને "વરસાદ આધારીત ખેતીમાં આકસ્મીક પાકોનુ આયોજન" અંગેની પુસ્તિકાઓનું વિમોચન કરવામાં આવેલ. આ પ્રસંગે યુનિવર્સિટીનાં વૈજ્ઞાનિકશ્રીઓ તેમજ પ્રોફેસરો ધ્વારા વિષય–વસ્તુને અનુરૂપ વ્યાખ્યાન આપેલ.કાર્યક્રમમાંઓપન વેલ રીચાર્જ અને એરંડામાં સુક્ષ્મ પિયત પધ્ધતિ અપનાવી આવકમાં વધારો કરતા, આઈ.સી.એ.આર.ધ્વારા પુરસ્કૃત પ્રગતિશીલ ખેડુત શ્રી લાડુભાઈ કસનાભાઈ ચૌહાણ તેમજ રેઈન ફેડ ઈન્ટ્રીગ્રેટેડ ફાર્મિંગ સિસ્ટમની સર્વેની ઉત્કૃષ્ટ કામગરી માટેની ટીમનાં સદસ્યોને પણ સન્માનિત કર્યા.પરીસંવાદમાં યુનિવર્સિટી અધિકારીશ્રીઓ, ડીનશ્રીઓ, વૈજ્ઞાનિકશ્રીઓ, ખેડુતો તેમજ વિદ્યાર્થીઓ સહિત અંદાજિત ૧૨૦થી વધુ સંખ્યામાં સહભાગીઓએ હાજરી આપેલ.કોલેજ ઓફ રીન્યુએબલ એનર્જી એન્ડ એન્વાયરમેન્ટલ એન્જીનીયરીંગનાં આચાર્ય અને ડીનશ્રી ર્ડા.બી.એસ.દેવરા તેમજ કુદરતી સંશાધન વ્યવસ્થાપન કેન્દ્રનાં સંશોધન વૈજ્ઞાનિકશ્રી ર્ડા.સી.કે.પટેલનાં માર્ગદર્શન હેઠળ બન્ને યુનિટોનાં સંયુકત સહયોગ ધ્વારા પરિસંવાદ સફળ બનાવવામાં આવેલ.








Sardarkrushinagar Dantiwada Agricultural University
Celebration of
" World Water Day "
Theme
Leaving no one behind
Centre for Natural Resources Management



